

# ટ્રમ્પ અને મસ્કની લડાઈ: આત્મમુગ્ધ અને અહંકારી લીડરોમાં સહાનુભૂતિ જેવું કશું હોતું નથી

**ફાયરવોલ**

રાજ ગોસ્વામી

અમેરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અને અબજોપતિ બિઝનેસમેન ઈલોન મસ્ક વચ્ચે લડાઈ થઈ છે. ટ્રમ્પ પ્રશાસનમાંથી મસ્કની વિદાઈ, ટેક્સ બિલને લઈને કોંગ્રેસની વારંવાર ટીકા, ટ્રમ્પને 'ઉઘાડા' પાડવાની ધમકી, મસ્કની કંપનીઓ પર લગામ કસવાની ટ્રમ્પની વળતી ધમકી અને આરોપ-પ્રતિઆરોપનો સિલસિલો દુશ્મનીથી ઓછો નથી. ટ્રમ્પ કહે છે કે મસ્કનું દિમાગ સંતુલન બગડી ગયું છે. મસ્ક કહે છે કે અમેરિકામાં હવે ત્રીજી પાર્ટી બનાવવાનો સમય આવી ગયો છે.

બંને જણા એવી રીતે ભેગા થયા હતા જાણે વર્ષો પહેલાં મેળામાં છૂટા પડી ગયા હોય અને હવે એવી રીતે વર્તે છે જાણે બાપે માર્યા વેર હોય. ટ્રમ્પને તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન મસ્કના પૈસા અને સોશ્યલ મીડિયાનાં પ્રભાવની જરૂર હતી. મસ્ક પોતે (દક્ષિણ આફ્રિકામાં જન્મ્યો હોવાથી) રાષ્ટ્રપતિ બની શકે તેમ ન હોવાથી તેને વ્હાઈટ હાઉસમાં પોતાનો માણસ જોઈતો હતો.

અમેરિકન વહીવટીતંત્રની સાફસફાઈ કરવા માટે ટ્રમ્પે જે રીતે મસ્કને બિનશરતી ટેકો અને અમાપ સત્તા આપી હતી અને મસ્કે જે રીતે ચારેબાજુથી કચરો વાળ્યો હતો (અને વળતામાં નવો કચરો વેર્યો હતો), તે પછી તે ટ્રમ્પની દરેક નીતિ-રીતિમાં સલાહ-સૂચન આપતો હતો. એમાં તેને એવું લાગવા માંડ્યા હતું કે તે જ સુપર-પ્રેસિડેન્ટ છે. ટ્રમ્પે ઈલેક્ટ્રિક વાહનો પરથી ટેક્સ ક્રેડિટ દૂર કરી તેના પગલે મસ્કની ટેસ્લા કાર કંપનીને મોટો ફટકો પડ્યો અને તેમાંથી બંને વચ્ચે ફટક્યું.

જાણકાર લોકો કહે છે કે વહેલું કે મોડું, આવું થવું અનિવાર્ય હતું. મનોવિજ્ઞાનઓ કહે છે કે બંને અહંકારી છે, બંને આત્મમુગ્ધ છે. આપણે ત્યાં કહેવત છે કે એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે, તેના જેવું છે આ.

મનોવિજ્ઞાનમાં 'આલ્ફા મેલ'ની એક ધારણા છે. થોડા વખત પહેલાં, અભિનેત્રી અને સાંસદ કંગના રણૌતે એક વિવાદાસ્પદ પોસ્ટ કરી હતી, જે પાછળથી ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડાના કહેવાથી હટાવવી પડી હતી. તેમાં કંગનાએ લખ્યું હતું, 'એમાં કોઈ બેમત નથી કે ટ્રમ્પ એક આલ્ફા મેલ છે, પરંતુ આપણા પીએમ સૌ આલ્ફા મેલના બાપ છે.' પીએમની તો ખબર નથી, પણ ઈલોન મસ્ક જરૂર ટ્રમ્પનું માથું ભાંગે તેવો આલ્ફા મેલ છે. અમેરિકાની રાજનીતિમાં અત્યારે જે તમાશો થઈ રહ્યો છે તે આ બે આલ્ફા મેલની લડાઈ છે.

આલ્ફા મેલની ધારણાને સમજવા જેવી છે. તેની કલ્પના જંગલી વરુ (આલ્ફા વૂલ્ફ) સાથે જોડાયેલી છે. ઘણા લોકો શિયાળને વરુ કહે છે પણ બંને શ્વાન કુળનાં ભિન્ન પ્રાણી છે. વરુ, માંસાહારી શ્રેણીના કેનિડે કુળનું સસ્તન વન્ય પ્રાણી છે. ગુજરાતી સ્થાનિક બોલીમાં તેને નાર, ભાગડ, લાગડ કહે છે. તેની 32 ઉપજાતિઓ છે અને તેમાં નરએ માદા કરતાં મોટો હોય છે. વરુ સૂકા જંગલોમાં અને ગાંડા બાવળની ઝાડીઓવાળા મેદાનવાળા વિસ્તારોમાં જોવા મળે છે.

તે એકલવાયું જનાવર છે. મતલબ કે તે ટોળામાં નથી ફરતું. તાકતવાર અને આગેવાન પુરુષોને આલ્ફા મેલ કહેવામાં આવે છે તે પણ આ જ કારણથી; તે સૌથી આગળ અને એકલા હોય છે. વરુ દેખાવમાં કૂતરા જેવું હોય છે, પરંતુ તે વાઘને પણ ઊભી પૂંછડીએ ભગાડવા સક્ષમ હોય છે. માણસ આજ સુધી તેના ગળે પટ્ટો બાંધી શક્યું નથી. એટલા માટે તમને પ્રાણી સંગ્રહાલયમાં વાઘ જોવા મળશે પણ વરુ નહીં.

વરુ તેના પ્રદેશમાં સૌથી શાતીર અને તાકાતવર શિકારી છે. તે કોઈનાથી ડરતું નથી. તેની પ્રકૃતિ જ એવી છે કે તે તેના પિતરાઈ શ્વાનની જેમ માણસોના પંપાળવાથી ન તો ભરમાઈ જાય છે કે ન તો માસિયાઈ બહેન શિયાળની જેમ તેનાથી મોટાં શિકારી પ્રાણીથી ડરી જાય છે.

એવું કહેવાય છે કે તેના બાળકને જો કોઈ પશુ ઉઠાવી જાય તો, તે પુરા પ્રદેશને તબાહ કરી નાખે છે. તે જ્યારે શિકાર પર જાય ત્યારે, તેની સાથે વૃદ્ધ વરુઓને નથી રાખતું. તેમના માટે શિકાર કરવો એ યુદ્ધથી કમ નથી અને એમાં યુવાન અને તે જ વરુઓ જ ઉપયોગી હોય છે. વરુઓની આવી અનોખી લાક્ષણિકતાઓના કારણે જ માણસે તેની વાર્તાઓમાં માનવ વરુ (ડાયર વુલ્ફ)ની કલ્પના કરી છે.

**અમેરિકાને ફરીથી મહાન બનાવવાની રાજનીતિમાં ટ્રમ્પ અને મસ્કની મનઃસ્થિતિ પણ આવી જ છેઃ હું જ પ્રારંભ છું અને હું જ અંત છું. આવું માનવાવાળા બે હોય તો મતભેદ થવો અનિવાર્ય છે. જેમ વરું તેની ટેરેટરી માટે લડાઈ કરે તેમ આ બે જણા પણ તેમની સત્તા અને સર્વોપરિતા માટે લડી પડ્યા છે**


વરુઓની વસ્તીમાં એક જોડી એવી રહેતી હતી જે પુરા જૂથ પર, આહાર પર અને સમાગમ પર નિયંત્રણ રાખતી હતી. અર્થાત, વરુઓ આપસમાં લીડર બનવા માટે લડાઈ કરતાં અને એમાંથી એક જોડી 'વરુ સમાજ'માં પોતાનું પ્રભુત્વ સ્થાપતી. આ બંને આલ્ફા મેલ અને આલ્ફા ફીમેલ કહેવાય છે.

ઉત્ક્રાંતિવાદી મનોવૈજ્ઞાનિકોનો દાવો છે કે માનવ સમાજમાં પુરુષોનો સામાજિક વ્યવહાર પણ વરુઓ જેવો જ છે. પુરુષ પણ તેના જૂથમાં લીડર બનીને બીજા પર શાસન કરવા, સંસાધનો પર કાબૂ જમાવા અને સ્ત્રીને તેની મેટિંગ પાર્ટનર બનાવવા માટે લડાઈ કરતો રહે છે.

પુરુષોમાં કુદરતી રીતે જ બીજાઓ પ્રભુત્વ જમાવાની વૃતિ હોય છે અને જે પુરુષ આત્મવિશ્વાસ, દ્રઢતા, કરિશ્મા અને શારીરિક શક્તિનું પ્રદર્શન કરે છે તે વધુ આકર્ષક અને જીવનમાં વધુ સફળ હોય છે. તેઓ આ માણસોને આલ્ફા કહેતા અને જે નબળા, આજ્ઞાકારી, અસુરક્ષિત અને બોરિંગ હતા તેને બીટા કહેતા હતા. આલ્ફા શબ્દ ગ્રીક બારાખડીમાંથી આવે છે. તેના પહેલા અક્ષરને આલ્ફા કહે છે. છેલ્લા અક્ષરને ઓમેગા કહે છે. તદનુસાર, જે પ્રથમ છે, પ્રાથમિક છે, અગ્રણી છે, સૌથી ઉપર છે, એક નંબર પર છે તે આલ્ફા છે. ઈસાઈ ન્યૂ ટેસ્ટામેન્ટમાં, ઈશ્વર પોતાને આલ્ફા અને ઓમેગા ગણાવે છે; હું જ પ્રારંભ છું અને હું જ અંત છું.

અમેરિકાને ફરીથી મહાન બનાવવાની રાજનીતિમાં ટ્રમ્પ અને મસ્કની મનઃસ્થિતિ પણ આવી જ છેઃ હું જ પ્રારંભ છું અને હું જ અંત છું પણ આવું માનવાવાળો એક હોય, બે નહીં. બે હોય તો મતભેદ અને મનભેદ થવો અનિવાર્ય છે. જેમ વરુ તેની ટેરેટરી માટે લડાઈ કરે તેમ આ બે જણા પણ તેમની સત્તા અને સર્વોપરિતા માટે લડી પડ્યા છે. ટ્રમ્પ-મસ્કનો ઝઘડો વ્યક્તિગત છે અને તેમાં અમેરિકાની જનતાનું અને લોકશાહીનું નુકશાન છે. આત્મમુગ્ધ લોકોના હાથમાં રાજકીય અને પૈસાની સત્તા આવી જાય ત્યારે તેઓ કેવી ઘટિયા રીતે વર્તે છે તેનું આ બંને ઉદાહરણ છે. આત્મમુગ્ધ અને અહંકારી લીડરો નિર્દયી હોય છે અને તેમનામાં સહાનુભૂતિ જેવું કશું હોતું નથી. તેઓ આજુબાજુના લોકો પર પોતાનો કંટ્રોલ સ્થાપીને અથવા સતત વાહવાહી અને એટેન્શન મેળવીને તેમની અણઆવડતની ભાવનાથી પીછો છોડાવાનો પ્રયાસ કરે છે. તેઓ પોતે કેટલા યોગ્ય છે તે સાબિત કરવા માટે સતત પ્રયત્નશીલ હોય છે. આત્મમુગ્ધ લીડરો એટલા માટે જ પોતાની ટીકા કે રિજેક્શન સહન નથી કરી શકતા અને જે કંઈ ખરાબ હોય તેના માટે બીજા લોકોને દોષિત ઠેરવીને પોતાને પીડિત તરીકે પેશ કરે છે. ટ્રમ્પ અને મસ્ક અત્યારે એ જ કરી રહ્યા છે.

# ગરમી અને ચા



**બોલ્યું-ચાલ્યું માફ**

ઉર્વીશ કોઠારી

થોડા દાયકા પહેલાં ગામના રેલવે સ્ટેશનના ટી સ્ટોલ પર એક જૂનું પાટિયું વાંચવા મળતું હતું.'ચા એ નિશા (નશા) વગરની પ્યાલી છે. તે શિયાળામાં ઠંડક ને ઉનાળામાં ગરમી આપે છે.' તે વાંચીને ચા પ્રત્યે તો ઠીક, તે લખનારના ચા પ્રત્યેના ભક્તિભાવ વિશે માન ઉપજ્યું હતું. ચા-પ્રેમી હોવા છતાં 'મને આવો મહાન વિચાર ન આવ્યો' એવો અહેસાસ પણ થયો હતો.

લોકો પર આખે-આખી રામાયણ-ભાગવતની કથાઓ સાંભળ્યાની કશી અસર થતી નથી, તો મારી પર એક પાટિયાની અસર થાય, એવી અપેક્ષા વધુ પડતી ગણાય. છતાં, ચા-પક્ષની મજબૂત રજૂઆત તરીકે એ લખાણ યાદ રહી ગયું. કવિ દલપતરામે પોતાના માટે 'રૂડી ગુજરાતી વાણીરાણીનો વકીલ છું' એવું ભરદરબારમાં કહ્યું હતું. તેમ, 'રૂડી આદુવાળી ચાહ-રાણીનો વકીલ છું' -એવું ગાવાનો વારો આવે, ત્યારે પાટિયાના લખાણનો ઉપયોગ કરવો, એવું વિચારી રાખ્યું હતું પણ લોકશાહીમાં દરબારો તો ગુંડાઓ ને મંત્રીઓ જ ભરે છે ને ત્યાં ચાનાં વખાણ જેવી બિનઉપજાઉ પ્રવૃત્તિને કોઈ સ્થાન હોતું નથી.

દુનિયામાં બુદ્ધના, ઈસુ ખ્રિસ્તના, ગાંધીજીના વિરોધીઓ (ટીકાકારો નહીં, વિરોધીઓ) હોઈ શકે, તો ચાની શી વિસાત? ચાના વિરોધીઓનો ચોક્કસ વર્ગ ટાંપીને બેઠો હોય છે કે ક્યારે લાગ મળે ને ચાની નિંદા શરૂ કરીએ. એવા લોકો માટે ઉનાળો સૌથી અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે કારણ કે, સવારના નવ વાગ્યાથી આકરો તડકો શરૂ થાય અને શહેરોમાં તો રાત્રે પણ ગરમ પવન આવતો હોય. આફતને પોતાની વિચારધારાના પ્રચાર માટે વાપરી લેવાની નવાઈ રહી નથી. એ માનસિકતા પ્રમાણે, કેટલાક લોકો કહે છે, 'લમણું તપી ગયું ને શરીર પરથી પરસેવાના રેલા જાય છે. બોલો, આવામાં કંઈ ચા પીવાતી હશે?' આટલું બોલાયા પછી પણ ઓડિયન્સ પર ધારી અસર ન પડે, આસપાસ રહેલા લોકોને ચાના નકામાપણા વિશે ખાતરી ન થાય, તો તે વાતમાં વજન ઉમેરીને કહે છે, 'બોલો, આવી ગરમીમાં ચા પીનારા મૂરખા કહેવાય કે નહીં?'

પોતાનો ધાર્યો જવાબ ઓડિયન્સ પાસેથી મેળવવાની તરકીબ સારી છે પણ તે દરેક વખતે અસરકારક નીવડતી નથી. આવો સવાલ પૂછાય ત્યારે આસપાસ બેઠેલામાંથી એક વર્ગ એવો હોય છે, જે બરાબર સમજે છે કે આવા સવાલ-જવાબની અપેક્ષાએ પૂછાતા નથી. એટલે તે સવાલ સાંભળ્યો - ન સાંભળ્યો કરે છે અને હવે પછીની ચા મેળવવાની વેતરણમાં પડી જાય છે. બીજો વર્ગ એવો હોય છે, જેને 'ફેસબુક-પ્રજાતિ' કહી શકાય. એ વર્ગના લોકો આવો સવાલ સાંભળીને કહે છે, 'મૂરખા? અરે, જેવા-તેવા નહીં, એક નંબરના મૂરખા. તમારી વાત એકદમ સાચી છે. 100 % સંમત.' એવામાં બીજો અવાજ આવે છે, 'ચા તે ચા. બીજા બધા વગડાના વા.' ચાને ગરમી સાથે નહીં, ચાહના સાથે-ચાહત સાથે સંબંધ છે. જેમની ચાહના કાચી, તેમને જ ચા નડે. બાકી બધાને ફળે.' એ સાંભળીને, તદ્દન વિરોધી લખાણમાં હોંશે હોંશે સૂર પુરાવી આવેલા 'ફેસબુક-પ્રજાતિ'ના સભ્ય ટહુકે છે, 'વાહ. કેટલી સરસ વાત. 100 % સંમત.' આવા સંવાદોથી ગરમીમાં ચાની અસર વિશે જાણવા મળે, તેના કરતાં ઉભયચર એવી ફેસબુક પ્રજાતિ વિશે વધારે જાણવા મળે છે. (તે બંને અંતિમોના અભિપ્રાયોમાં એકસરખી હોંશથી ટાપશી પુરાવતી હોવાથી તેમના માટે 'ઉભયચર' જેવું નામકરણ પસંદ કર્યું છે.) જો કે, ઉભયચરોના અભિપ્રાયથી ચા-ચર્ચામાં કશી પ્રગતિ થતી નથી. ખરું જોતાં, ચા પ્રેમીઓ પર આવા કોઈ સંવાદોની કશી અસર થતી નથી. કારણ કે, ચાહના ઋતુ આધારિત હોય, એવી કલ્પના સુદ્ધાં તેમને ચાના દ્રોહ અને ચાહનાદ્રોહ સમાન લાગે છે.

એક વર્ગ એવો પણ છે, જે 'બોલો, આવી ગરમીમાં ચા પીવાય?' એવો સવાલ કરનારની સામે ધારીને જુએ છે. સવાલકર્તા જરા ઓઝપાય તો ઠીક, ન ઓઝપાય તો તે કહે છે, 'તમારા મતે ગરમીમાં શું પીવું જોઈએ?'

ચાની ઈચ્છનિયતા સામે સવાલ ઉઠાવનાર જરા જોશમાં આવે છે. તેને થાય છે કે આ જણ ડગુમગુ લાગે છે. તેને બે-ચાર સવાલના જોરદાર જવાબ આપી દઈશું તો તે પણ માનતો થઈ જશે કે ગરમીમાં ચા ન પીવાય. એટલે, તે કહે છે, 'સરસ સવાલ છે. ખરેખર, સરસ સવાલ. જુઓ, એવું છે કે ગરમીમાં અસંખ્ય વિકલ્પો છે. તૈયાર શરબત, છાશ, બાફલો, લીંબુપાણી, જ્યુસ, શેક, કોલ્ડ કોફી...અરે, ચા વિના ન જ ચાલે એવું હોય તો આઈસ ટી...બોલો.' આટલી લાંબી યાદી આપ્યા પછી તેને આશા જાગે છે કે સવાલ પૂછનાર હમણાં તેના આપેલા વિકલ્પોમાંથી એકાદ પર ટીક કરશે અને તેને ચાની આસક્તિમાંથી છોડાવ્યાનું પુણ્ય હાંસલ થશે. સામેવાળો પણ રીઢો હોવાથી, તે થોડી વાર મૌન રાખે છે અને એવું લગાડે છે, જાણે તે ચાના વિકલ્પો વિશે વિચાર કરી રહ્યો છે. છેવટે, તેના ચહેરા પર વિચાર પ્રક્રિયા પૂરી થયાનો સંતોષ પ્રગટે છે અને તે ફાઈનલ જવાબ આપવા તત્પર થાય છે. ચા વિરોધી જણ ઉત્કંઠાથી જવાબ સાંભળવા કાન માંડે, ત્યારે રીઢો જણ કહે છે, 'તમે આપેલા બધા જ વિકલ્પ બહુ સરસ છે પણ તમારા માટે હું શી રીતે નક્કી કરી શકું? એક કામ કરો. એ વિકલ્પોમાંથી તમને જે સહેલાઈથી મળે, એ તમે પી લો પણ મારા માટે તો એક ચા જ. બિલકુલ ઉતાવળ નથી.'

**એવું છે કે ગરમીમાં અસંખ્ય વિકલ્પો છે. તૈયાર શરબત, છાશ, બાફલો, લીંબુપાણી, જ્યુસ, શેક, કોલ્ડ કોફી...અરે, ચા વિના ન જ ચાલે એવું હોય તો આઇસ ટી...બોલો.**

## ઈશિતાનું અલકમલક

### થોડી સી બેવફાઇ કી બડી બેવફા સોનમને...

ન જાણે કેમ, આજકાલ દેવલોકના યમરાજ પર કામનું તગડું ભારણ આવી પડ્યું છે. દેવલોક અને ધરતી વચ્ચેની એમની અવરજવર અણધારી વધી ગઈ છે. આમાં કૌતુક એ છે કે યમરાજજીને એક ખાસ પ્રકારની વરદી વધુ મળે છે. એ છે પૃથ્વીલોક પરથી પુરુષ નામે પતિને ઉપર ઊંચકી લાવવાનું! જી હા, છેલ્લા ત્રણ-ચાર મહિનાથી આપણા મૃત્યલોકની વનિતાઓ જાણે કયા જનમનું વેર વાળતી હોય એમ એવી વિફરી છે કે એ પોતાના પુરાણા કે તાજા ભરથારને સુપારી આપી (અલબત્ત,પોતાના પ્રિયતમના સહકારથી!) આ લોકમાંથી પરલોક વિદાય કરી દે છે! આવા અનેક અવનવા કિસ્સા વિશે આ 'ઈશિતા' તમને અહીં જાણ કરતી રહે છે પણ પતિને પતાવી દેતી આવી પત્નીઓના કિસ્સા આજકાલ એટલી ઝડપથી વધી રહ્યા છે કે 'ઈશિતા'ને થાય છે કે 'હત્યારી દુલ્હન'ના નામે એક નવી જ કોલમ શરૂ કરીને એમાં આવા જ સમાચારોનું અપ ડેટ આપતા રહીએ! ખેર, જોક્સ અપાર્ટ આ અઠવાડિયે દેશભરમાં જેણે સૌથી જબરી સનસનાટી મચાવી દીધી એ કિસ્સો છે 'બડી બેવફા' એવી સોનમનો! ઈન્દોરના યુવા ઉદ્યોગપતિ એવા રાજા રઘુવંશી સાથે લગ્નસંબંધથી જોડાયેલી સ્માર્ટ સોનમ આમ તો પહેલેથી જ પોતાના પપ્પાની પ્લાયવુડ ફેક્ટરીમાં જોબ કરતા પોતાથી નાની ઉંમરના યુવાન રાજ કુશવાહના ગળાડૂબ પ્રેમમાં હતી. એનાં માતા-પિતા આ સંબંધની વિરુદ્ધ હોવાથી સોનમે મન મારીને શ્રીમંત રાજા રઘુવંશી સાથે લગ્નગ્રંથિથી જોડાવાનું નક્કી તો કર્યું પણ એના મનમાં બીજા જ પ્લાન આકાર લઈ રહ્યા હતા. 10 મેના રોજ મેરજ કર્યા પછી હનીમૂન મેઘાલયમાં જ મનાવવાનો સોનમે આગ્રહ રાખ્યો કારણમાં સોનમે એમ કહ્યું કે એની માનતા છે કે જ્યાં સુધી એ કામાખ્યા મંદિરે દર્શન નહીં કરે ત્યાં સુધી એ પતિ રાજા સાથે પત્ની તરીકે કોઈ શારીરિક સંબંધ નહીં બાંધે! પતિ રાજા રઘુવંશીની અનિચ્છા હોવા છતાં એણે સોનમ સાથે હનીમૂન માટે મેઘાલય જવું પડ્યું. લગ્નના અઠવાડિયામાં જ પ્રેમી રાજ કુશવાહા સાથે સોનમે પતિને પતાવી દેવાનો માસ્ટર પ્લાન ગોઠવી દીધો. રાજા-સોનમ હનીમૂન પર નીકળ્યા એની પાછળ જ પ્રેમી રાજે સોપારી આપી હતી એ ત્રણ કોન્ટ્રાક્ટ કિલર નીકળ્યા. સોનમ-રાજા જ્યાં પણ જતાં એ જગ્યાનું પ્લાન મુજબ સોનમ પેલા ભાડૂતી હત્યારાઓને લોકેશન મોકલતી! એ પછી સોનમની યોજના મુજબ જ રાજાને જંગલના અવાવરુ સ્થળે લઈ જઈને પતાવી દેવામાં આવ્યો. આ હત્યામાં ખુદ સોનમ પણ સામેલ હતી! રૂપિયા ૨૦ લાખની સુપારી આપીને થયેલા આ 'હનીમૂન મર્ડર' પછી સોનમ પણ ગાયબ થઈ ગઈ ને ગુપચુપ એના પ્રેમી રાજને મળવા ઈન્દોર પણ ગઈ પણ પછી અતિ ચબરાક મેઘાલય પોલીસ ટીમે એક પછી એક હત્યારાઓની સાથે સોનમના પ્રેમી રાજને જે રીતે ઝબ્બે કરી લીધો એ જોઈને ગુમ થઈ ગયેલી સોનમે હત્યાના ૧૭મા દિવસ બાદ સામેથી પોલીસને આત્મસમર્પણ કરી દીધું. ૨૦ કુશળ અધિકારીઓની ટીમે 'ઓપરેશન હનીમૂન' દ્વારા આ 'હનીમૂન મર્ડર'ના હત્યારાઓ જે રીતે ઝડપી લીધા એની ઝીણી ઝીણી વિગતો હવે જે રીતે બહાર આવી રહી છે એ જોતાં મેઘાલય પોલીસની કામગીરીને તમારે સલામ કરવી પડે એવી કાબિલેતારીફ છે. હજુ તો આ કેસનાં બીજાં અનેક અજાણ્યાં પાસાં સામે આવશે પણ અત્યારે બહાર આવતી વિગતો પરથી 'ઈશિતા' એટલું જરૂર કહી શકે કે હિન્દી-ગુજરાતી ફિલ્મ અથવા તો વેબ સીરિઝ માટે આ બેવફા સનમનો કથા- પ્લોટ જબરદસ્ત છે!



નવ પરિણીત સોનમ- રાજા રઘુવંશી



સોનમપ્રેમી - રાજ કુશવાહા



સોનમ - પોલીસને આત્મસમર્પણ

### તું નહીં .. ઔર સહી !

આજે આ સંસારી જગતમાં બે પ્રકારના ટ્રેન્ડની ચલતી છે. એક છે 'પતિને પતાવી દેવા'ની હિંસક ચાલ તો બીજો ટ્રેન્ડ છે પોતાના નજીકના સંબંધી સાથે પલાયન થઈ જવાનો અહિંસક ટ્રેન્ડ, જેમ કે વેવાણ દીકરીના સસરા -વેવાઈ સાથે ગુમ થઈ જાય કે ભાવિ સાસુ એના ભાવિ જમાઈ સાથે નવું ઘર માંડે વગેરે વગેરે... છેલ્લા અઠવાડિયા - 10 દિવસની આવી કેટલીક બનેલી ઘટના પર નજર દોડાવી જાવ. બિહાર-નાલંદા જિલ્લાના એક ટાઉનમાં એક છોકરીના લગ્નની બધી તૈયારી ચાલી રહી હતી. બે-ત્રણ દિવસમાં લગ્ન હતા એ પહેલાં દુલ્હન ફરાર થઈ ગઈ છે એના ભાણેજ સાથે! ભાગમભાગનો આ કિસ્સો પણ જાણી લો. ઉત્તરપ્રદેશના કલા ગામમાંથી 50 વર્ષીય એક મહિલા ગુમ થઈ ગઈ છે. એનો અત્તોપત્તો હજુ લાગ્યો નથી પણ ખુદ એના પતિના કહેવા અનુસાર એની અર્ધાંગના 28-30 વર્ષના કોઈ યુવાન સાથે આંખ લડાવી બેઠી હતી. એની સાથે પોતાની પત્ની લાપત્તા થઈ ગઈ એનો અફસોસ એના ધણીને નથી. એ કહે છે :''એ ભલે ગઈ. જાન છૂટી પણ મારા ચાર દીકરા પરણેલા છે. એમની ચારેય વહુનાં બધાં ઘરેણાં પણ એની સાસુમા સાથે લેતી ગઈ એનું શું?!'' આ ત્રીજો કિસ્સો તો એકદમ અફલાતૂન છે. બિહારના ગિરડિહ નજીકના એક ટાઉનમાં નેહા નામની એક યુવતી રહે. એને સુમંત નામના યુવક સાથે પ્રેમ. સુમંતનાં મમ્મી થોડાં વર્ષ પહેલાં ગુજરી ગયાં હતાં. ઘરમાં નેહાનો પ્રેમી સુમંત અને એના પપ્પા હતા. સુમંત કોઈ જોબમાં સ્થિર નહોતો થતો. એની કોઈ નિયમિત આવક નહોતી. નેહા એને વારંવાર કોઈ નોકરી શોધી લેવા સમજાવતી પણ સુમંત એની વાત ગંભીરતાથી લેતો નહીં. આમ છતાં નેહા એની સાથે લગ્ન કરવા તૈયાર હતી અને લગ્ન બને એટલા વહેલા થઈ જાય એમ ઈચ્છતી હતી. આ તરફ સુમંતે એના પપ્પાને નેહા સાથે પોતે લગ્ન કરવા ઈચ્છે છે એમ કહ્યું. એના પપ્પા રાજા રામને ભાવિ પુત્રવધૂને જોવા - જાણવા ઘેર બોલાવી. સુમંત પ્રેમિકા નેહાને પોતાને ઘેર લઈ ગયો. ભાવિ સસરાને એની ભાવિ પૂત્રવધુ ગમી ગઈ ને ભાવિ પુત્રવધૂને એના ભાવિ સસરાનો સ્વભાવ પસંદ પડ્યો અને એથી વિશેષ તો એ સરકારી જોબ પર સારી પોસ્ટ પર હતા. બીજા શબ્દોમાં નેહા અને રાજા રામન એકબીજાને ધાર્યા કરતાં વધુ ગમી ગયા. જાણે એકમેકને પહેલી નજરે પ્રેમ થઈ ગયો! બન્ને એકાંતમાં ફરી મળ્યાં અને વિધુર રાજા રામને એના પુત્રની પ્રેમિકાને અને નેહાએ એના લવરના પપ્પાને પરણી જવાનો નિર્ણય કરીને બન્નેએ ઘડિયાં લગન કરી પણ લીધાં! આમ કામધંધા વગરના બેરોજગાર પ્રેમી સુમંતની મમ્મી બની ગઈ નેહા! સોશ્યલ મીડિયામાં આજકાલ આ ઘટના બહુ વાયરલ થઈ છે. મોટાભાગના લોકોએ નેહાના આ 'વ્યવહારુ' નિર્ણયને વધાવી લીધો છે જોબ વગરના પ્રેમી કરતાં સરકારી જોબવાળા એના પપ્પા શું ખોટા?!



રાજા રામન - નેહા : સસરાને બનાવી દીધા પતિ!

### ઈશિતાનું ઈત્યાદિ ઈત્યાદિ

» કોઈ પણ 56''ની છાતી ધરાવતાં પુરુષના પણ હૃદયના ધબકારા ચૂકી જાય એવા આંકડા સામે આવ્યા છે. 'નેશનલ ક્રાઈમ ડેટા રિપોર્ટ' અનુસાર પાંચ રાજ્ય ઉત્તરપ્રદેશ - બિહાર - રાજસ્થાન -મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં છેલ્લાં પાંચ વર્ષમાં 785 પતિઓની હત્યા થઈ છે અને એમની હત્યા કરનારી છે ખુદ એમની જ ધર્મપત્નીઓ!

» આમચી મુંબઈમાં નવું મેટ્રો ટ્રેન શેડ બનાવવા માટે વચ્ચે આવતા 1400 વૃક્ષના વિચ્છેદ માટે પરમિશન આપવામાં આવી છે પરંતુ એ માટે મેટ્રો કોર્પોરેશને રૂપિયા 20 કરોડ ચૂકવવા પડશે પણ આટલી જંગી રકમ મેટ્રોવાળા આપી શકે એમ ન હોવાથી એમની વિનંતી સ્વીકારીને સુધરાઈએ એને રૂપિયા 13 કરોડનું જંગી કન્સેશન આપ્યું છે એટલે મેટ્રોવાળા હવે માત્ર 7 કરોડ રૂપિયા જ ચૂકવશે!

### * ઈશિતાની એલચી *

**મિત્ર કંઈક માગે ત્યારે એમાં આવતી કાલ ક્યારેય ન હોવી જોઈએ!!**